"ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના"ને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: મસચ/૨૧૨૦૨૧/૫૨૮૬૯/અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬-૦૭-૨૦૨૧

**સંદર્ભ** :

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૪.૦૩.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:નવસ/૧૦૨૦૧૨/૬૭૪/અ
(૨) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૮/૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક કમબ/યજન/વ/નવીબાબત/૪૧૪/૨૦૨૦-૨૧
(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા. ૦૪/૦૬/૨૦૨૧નો પત્ર ક્રમાંક-કમબ/યજન/ગસ્વપલ/૩૪૧૬ થી ૩૪૧૭/૨૦૨૧

**ઠરાવ** :

મહિલા અને બાળ વિકાસ વિભાગના સંદર્ભ (૧) હેઠળના ઠરાવ મુજબ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના રાજ્યમાં અમલમાં છે. આ યોજનાનો લાભ મેળવતી અને પુન:લગ્ન કરતી મહિલાઓને આર્થિક સહાય આપવા સારૂં "ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના" શરૂ કરવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં પુખ્ત વિચારણાને અંતે ₹ ૨૫૦.૦૦ લાખની નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે અને સંદર્ભ (૩)ના પત્રથી આ યોજના અંગે વિગતવાર દરખાસ્ત મોકલવામાં આવેલ છે.

તે સંદર્ભમાં "ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના" માટે કુલ ₹ ૨૫૦.૦૦ લાખનો વર્ષ ૨૦૨૧-૨૨માં નીચે દર્શાવેલ શરતોને આધિન ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) યોજનાની જોગવાઇઓ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ રહેશે. સહાય માટે અરજી પત્રક પરિશિષ્ટ-૨ માં નિયત કર્યા મુજબ તથા મંજૂરી હુકમ પરિશિષ્ટ-૩ માં નિયત કર્યા મુજબ રહેશે.
(૨) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
(૪) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૧થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : ૧૦૬ | |
| મેજર હેડ | : ૨૨૩૫ | સામાજીક સુરક્ષા અને કલ્યાણ |
| સબ મેજર હેડ | : ૦૨ | સમાજ કલ્યાણ |
| માયનોર હેડ | : ૧૦૩ | મહિલાઓનું કલ્યાણ |
| સબ હેડ | : ૦૪ | SCW-25 નિરાધાર વિધવાઓને પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૩૧/૩/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષા પટેલ)

સરકારના નાયબ સચિવ

પ્રતિ :

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક કમિશ્નરશ્રી (મહિલા વિંગ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે મહિલા અને બાળ અધિકારીશ્રીઓ
- સર્વે દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીશ્રીઓ
- સર્વે મામલતદારશ્રીઓ

  (અધિક કમિશ્નરશ્રી (મ.ક.)ની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- સેકશન અધિકારીશ્રી, ઇ (બજેટ) શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.

## પરિશિષ્ટ - ૧

(મ. અને બા. વિ. વિભાગના તા. ૨૬/૦૭/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક મસય/૨૧૨૦૨૧/૫૨૮૬૯નું બિડાણ)

રાજયની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવનાર ૧૮ થી ૫૦ વર્ષની ઉંમરની પુનઃલગ્ન કરનાર મહિલાઓને પુનઃલગ્ન કરવા માટે આર્થિક સહાય આપવા માટેની "ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના" નીચે મુજબ રહેશે.

**(એ) યોજનાના હેતુ :**

(૧) ગંગા સ્વરૂપા મહિલાઓ પરત્વે સામાજિક માનસિકતામાં પરિવર્તન આણવું.

(૨) લગ્ન કરવા ઇચ્છુક ગંગા સ્વરૂપા બહેનોને સમાજના સાંપ્રત પ્રવાહમાં પુનઃસ્થાપિત કરવા.

**(બી) મળવાપાત્ર લાભ :**

"ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના" અંતર્ગત લાભાર્થી મહિલાના બચત ખાતામાં જિલ્લા કક્ષાએ DBT મારફતે ₹ ૨૫,૦૦૦/- જમા કરવાના રહેશે, તેમજ ₹ ૨૫,૦૦૦/-ની રકમના રાષ્ટ્રીય બચત પત્રો (NSC) આપવાના રહેશે. આમ, કુલ ₹ ૫૦,૦૦૦/-ની આર્થિક સહાય આપવાની રહેશે.

**(સી) લાભાર્થીની પાત્રતા :**

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવનાર ૧૮ થી ૫૦ વર્ષની ઉંમરની પુનઃલગ્ન કરનાર મહિલા આ યોજનાનો લાભ લઇ શકશે. જે વ્યક્તિ સાથે પુનઃ લગ્ન થયેલ છે તેના પત્નિ હયાત ન હોવા જોઈએ.

**(ડી) યોજના હેઠળ અરજી કરવાની અને મંજુરીની પ્રક્રિયા:**

(૧) લાભાર્થી મહિલાએ પુનઃલગ્ન કર્યાની તારીખથી છ માસની સમય મર્યાદામાં નિયત નમુનામાં નીચે મુજબના આધાર પુરાવા સહિત અરજી કરવાની રહેશે.

- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંગેનો મંજૂરી હુકમ
- પુનઃલગ્ન ની નોંધણી અંગેનું પ્રમાણપત્ર
- જે વ્યક્તિ સાથે પુનઃલગ્ન થયેલ છે તેના સરનામા અંગેનો પુરાવો
- પુનઃલગ્ન પરત્વે દંપતિના સંયુકત પાસપોર્ટ સાઈઝનાં ફોટા
- લાભાર્થી જે બચત ખાતામાં સહાય લેવા માંગતા હોય તે ખાતા પાસબુકની પ્રથમ પાનાની સ્વપ્રમાણિત નકલ

(૨) "ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના" માટે ના અરજી પત્રકો મહિલા અને બાળ વિકાસ વિભાગની વેબ સાઇટ https://wcd.gujarat.gov.in/ પર ઉપલબ્ધ થશે. અરજી પત્રક ભરીને સબંધિત મહિલા અને બાળ અધિકારીની કચેરી પર જમા કરાવવાના રહેશે.

(૩) અરજીની પ્રક્રિયા ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન ઉપલબ્ધ થયેથી અરજી પત્રકો મહિલા અને બાળ અધિકારીની કચેરીઓ ઉપરાંત મામલતદાર કચેરીઓ તથા ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ્ય કેન્દ્ર પર પણ જમા કરાવી શકાશે. ઈ-ગ્રામ સેન્ટર પર મળતી અરજીઓ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવાની કામગીરી ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (VCE) દ્વારા કરવાની રહેશે, મહિલા અને બાળ અધિકારીની કચેરી/ મામલતદાર કચેરીમાં જમા કરાવવામાં આવતી અરજીઓ પણ જે-તે કચેરી દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવાની રહેશે.

(૪) ડીજીટલ ગુજરાત પોર્ટલ કાર્યરત થયેથી https://www.digitalgujarat.gov.in/ પર લાભાર્થી સ્વયં ઓનલાઇન અરજી કરી શકશે.

(૫) ઓનલાઇન સુવિધા શરૂ થયેથી કોઇ પણ અરજીની કાર્યવાહી ફરજીયાત ઓનલાઇન જ કરવાની રહેશે.

(૬) આ યોજના અંતર્ગત સહાય મંજુર કરવા માટેના સક્ષમ અધિકારી સંબંધિત ક્ષેત્રના દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી ગણાશે. સંબંધિત દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીએ મળેલ અરજી પત્રકોની જે તે જિલ્લાના ફીલ્ડ ઓફીસર મારફત ઘર મુલાકાત દ્વારા જરૂરી ચકાસણી કરાવી દિન-૪૫ માં નિયત નમુનામાં સહાય મંજુરી/નામંજૂરીના આદેશો કરવાના રહેશે, તેમજ સહાયના ચુકવણા અંગેની કામગીરી કરવાની રહેશે. વધુમાં, પુન:લગ્ન કરનાર મહિલાની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે પ્રાપ્ત થતી માસિક સહાય બંધ કરવા અંગે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૫) ગ્રામ્ય કક્ષાએથી ઈ-ગ્રામ કેન્દ્રો મારફત અરજી કરવા માટે લાભાર્થીએ અરજી દીઠ ₹ ૨૦ (અંકે રૂપિયા વીસ પુરા) ઇ-ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (VCE)ને ચુકવવાના રહેશે. આ ₹ ૨૦ની આંતરીક વહેંચણી નીચેના કોષ્ટક મુજબ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | ગ્રામ કોમ્પ્યુટર સાહસિક – VCE ની સ્વનિર્ભરતા માટેની રકમ | ₹ ૧૬/- |
| ૨ | સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ | ₹ ૦૪/- |
| | કુલ | ₹ ૨૦/- |

મહિલા અને બાળ અધિકારીની કચેરી/ મામલતદાર કચેરીઓમાં મળતી અરજીઓ પરત્વે કરવાની થતી કામગીરી માટે અલગથી કોઇ સેવા શુલ્કની ચુકવણી કરવાની રહેશે નહી.

(૬) અરજીની પ્રક્રિયા ઓનલાઇન કરવા અંગે જરૂરી આનુષાંગિક વ્યવસ્થા અધિક કમિશ્નરશ્રી (મહિલા કલ્યાણ)ની કચેરી દ્વારા ગોઠવવાની રહેશે.

**(ઈ) અપીલ કરવાની સત્તા:-**

દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી દ્વારા કરવામાં આવેલ હુકમથી નારાજ અરજદાર હુકમની તારીખથી ૬૦ દિવસમાં સંબંધિત મહિલા અને બાળ અધિકારીને અપીલ કરી શકશે.

**(જી) રેકર્ડની જાણવણી તથા હિસાબો :**

આ યોજનાને લગતા તમામ રજીસ્ટરો અને સાધનિક કાગળો મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીએ નિભાવવાના રહેશે.

## પરિશિષ્ટ -૨

અરજી નંબર..................................................

# મહિલા અને બાળ વિકાસ વિભાગ,
# ગુજરાત રાજ્ય

"ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના"
અંતર્ગત સહાય મેળવવા માટેનુ અરજી પત્રક

| અરજદારનો સંયુક્ત ફોટો |
|---|
| |

અરજી કર્યાની તારીખ: ..................................

પ્રતિ,
દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી,
.....................................................................
જિલ્લો .........................................................

હું નીચે સહી કરનાર ..............................................................................આથી મહિલા અને બાળ વિકાસ વિભાગની "ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના" હેઠળ આર્થિક સહાય મેળવવા માટે અરજી કરું છું અને તે સંબંધમાં નીચેની વિગતો આપું છું. જે મારી જાણ મુજબ સંપૂર્ણ સાચી છે.

<u>વ્યક્તિગત માહિતી</u>:

૧. (અ) ગંગા સ્વરૂપા આર્થિક સહાય મળતી હોય તે મુજબ પુરૂ નામ :
..........................................................................................................................

(બ) પુન:લગ્ન કર્યા બાદનું પુરૂ નામ:
..........................................................................................................................

૨. કાયમી સરનામુ : .........................................................................................................
..........................................................................................................................
તાલુકો .............................. જિલ્લો .................................. પીનકોડ નંબર ..........................

૩. અરજદારનું કુટુંબ B.P.L. યાદી હેઠળ નોંધાયેલ છે ? હા ☐ ના ☐

૪. મોબાઇલ નંબર :.........................................અન્ય સંપર્ક નંબર ............................................

૫. અરજદારનો આધાર નંબર (મરજીયાત) : ............................................ આધાર મુજબ નામ (અંગ્રેજીમાં) ..........................................................................................................

૬. ઉંમર વર્ષ: ............... જન્મ તારીખ: ......................... પુન:લગ્ન કર્યા તારીખ : ..........................

૭. જ્ઞાતિ : અનુ.જાતિ ☐ અનુ.જનજાતિ ☐ સા.શૈ.પ.વ. ☐ સામાન્ય ☐

૮. જે રાષ્ટ્રીયકૃત બેંક અથવા પોસ્ટ ખાતામાં સહાય મેળવવા માંગો છો તેની વિગત (પાસબુકની સ્વપ્રમાણિત નકલ સામેલ રાખવી) : બેન્ક/પોસ્ટનું નામ.......................................................................
IFSC CODE ........................................... ખાતા નંબર :...............................................

જે વ્યક્તિ સાથે પુન:લગ્ન થયા હોય તેની વિગતો:-

૯. પુરૂ નામ : ..........................................................................................................

૧૦.સરનામા અંગેનો આધાર : ...............................................................................

૧૧.કાયમી સરનામું : ..............................................................................................

..........................................................................................................................

૧૨.મોબાઇલ નંબર : .......................................... અન્ય સંપર્ક નંબર ..........................................

સ્થળ : ..............................................

તારીખ : ..........................................  અરજદારની સહી : ..........................................

અરજી સાથે નીચેના પુરાવા રજુ કરવાના રહેશે (ચેક લીસ્ટ)

(૧) ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંગેનો મંજુરી હુકમ

(૨) પુન:લગ્ન ની નોંધણી અંગેનું પ્રમાણપત્ર

(૩) જે વ્યક્તિ સાથે પુન:લગ્ન થયેલ છે તેના સરનામા અંગેનો પુરાવો

(૪) પુન:લગ્ન પરત્વે દંપતિના સંયુકત પાસપોર્ટ સાઈઝનાં ફોટા

(૫) લાભાર્થી જે એકાઉન્ટમાં સહાય લેવા માંગે તે એકાઉન્ટની વિગત (પાસબુકની પ્રથમ પાનાની સ્વપ્રમાણિત નકલ)

## પરિશિષ્ટ – ૩

### "ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય" મંજુરી હુકમ

(૧) અરજદારશ્રી ..................................................................................................................
સરનામું. ..........................................................................................................................
તાલુકો .......................... જિલ્લો ..............................પીન કોર્ડ નં...................... દ્વારા "ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના" હેઠળ સહાય મેળવવા માટે તારીખ ........................ થી અરજી કરેલ છે.

(૨) લાભાર્થીની પુન:લગ્ન કર્યા તારીખ ...........................................................................................

(૩) ગંગા સ્વરૂપા બહેન અને જે વ્યક્તિ સાથે પુન:લગ્ન કર્યા છે તેની વિગત નીચે મુજબ છે.

| વિગત | નામ | જન્મ તારીખ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| પત્નીનું પુરૂ નામ | | | |
| પતિનું પુરૂ નામ | | | |

(૪) અરજદારની અન્ય વિગત:

(૧) ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનામાં લાભ મેળવતા હોવા અંગેનો મંજૂરી ક્રમાંક :

...........................................................................................................................

(૨) પુન:લગ્ન નોંધણી પ્રમાણપત્ર નંબર : ......................................................................

(૩) બચત ખાતાની વિગતો : બેન્ક/પોસ્ટનું નામ..........................................................................
IFSC CODE .................................. ખાતા નંબર...........................................................

(૫) ઉકત અરજદારશ્રીની ચકાસણી કરાવતા "ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના" ના પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ પાત્રતા ધરાવતા હોવાથી ₹ ૨૫,૦૦૦/- બચત ખાતામાં તથા ₹ ૨૫,૦૦૦/- રાષ્ટ્રીય બચત પત્રો (NSC) ની સહાય મંજુર કરવા હુકમ કરવામાં આવે છે.

(૬) લાભાર્થીએ ખોટી માહિતી આપી સહાય મેળવેલ હશે તો ચુકવાયેલ રકમની વસુલાત ઉપરાંત ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તારીખ: ................................ દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી

સ્થળ: ................................ ..........................................................

પ્રતિ,

..................................................,

..................................................,

**નકલ રવાના:**

(૧) અધિક કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, મહિલાવીંગ, ગાંધીનગર.

(૨) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ..........................................................................

(૩) સબંધિત મામલતદારશ્રી તરફ જરૂરી જાણ તેમજ લાભાર્થીની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળની સહાય બંધ કરવા માટે જરૂરી કાર્યવાહી સારૂ.